# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-03-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) **પેટ્રોલ ડીઝલ પર આબકારી જકાત ઘટાડવાના કેન્દ્ર સરકારના નિર્ણયને રાજ્ય સરકારે આવકાર્યો.**

2) **જંત્રી આધારિત સ્ટેમ્પ ડ્યુટીની જોગવાઈમાં રાહત- વારસાઈ સંબંધિત જમીન વ્યવહારોમાં હવે 300 રૂપિયા ટોકન ફી લેવાશે.**

3) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 13 લાખથી વધુ વિદ્યાર્થીઓના ખાતામાં 354 કરોડ રૂપિયાની શિષ્યવૃત્તિનું વિતરણ કર્યું.**

4) **સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા તાલુકા અને જિલ્લા પંચાયતના પ્રમુખની અનામત બેઠકોનું રોટેશન જાહેર કરાયું.**

5) **અમદાવાદ આર્થિક ગુના નિવારણ શાખાએ 41 કરોડ રૂપિયાના જમીન છેતરપિંડી મામલે ત્રણ આરોપીની ધરપકડ કરી.**

6) **અમદાવાદમાં આવતીકાલથી બે રાષ્ટ્રીય કક્ષાની શતરંજ સ્પર્ધાનો પ્રારંભ થશે.**

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM EXCISE DUTY

પેટ્રોલ ડીઝલ પર આબકારી જકાત ઘટાડવાના કેન્દ્ર સરકારના નિર્ણયને રાજ્ય સરકારે આવકાર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોના કલ્યાણને પ્રાથમિકતા આપીને ફરી એકવાર દેશવાસીઓ પ્રત્યેની તેમની સંવેદનશીલતા દર્શાવી છે. તો, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી જણાવ્યું, આ પગલું ભાવ વધારાની અસરથી દેશવાસીઓને બચાવવા માટેની શ્રી મોદીની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

**(BYTE : હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી)**

ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારે આજે પેટ્રોલ પર આબકારી જકાત 13 રૂપિયાથી 3 રૂપિયા અને ડીઝલ પર 10 રૂપિયાથી શૂન્ય કરી છે.

# LPG JAHAJ

પશ્ચિમ એશિયા સંઘર્ષ વચ્ચે વધુ બે જહાજ LPGના જથ્થા સાથે ભારત આવી રહ્યા છે. હોર્મૂઝની સામુદ્રધુનીમાંથી ફરી બે ભારતીય જગ વસંત અને અને પાઇન ગેસ 92 હજાર 612 મેટ્રિક ટન LPG લઈ ગુજરાત આવી રહ્યા છે. જગ વસંતમાં અંદાજે 33 ભારતીય સમુદ્રી કર્મચારીઓ છે. આ જગવસંત જહાજ અંદાજે 47 હજાર 600 મેટ્રિક ટન LPG ગેસ લઈ આવી રહ્યું છે, જે ટૂંક સમયમાં વાડીનાર બંદરે પહોંચશે.

# STAMP DUTY

જંત્રી આધારિત સ્ટેમ્પ ડ્યુટીની જોગવાઈમાં રાહત- વારસાઈ સંબંધિત જમીન વ્યવહારોમાં હવે 300 રૂપિયા ટોકન ફી લેવાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં સીધી લીટીના અને આડી લીટીના વારસદારો વચ્ચે થતા જમીન સંબંધિત આંતરિક વ્યવહારો માટે જંત્રી આધારિત સ્ટેમ્પ ડ્યુટીની જોગવાઈઓમાં રાહત આપવા આ નિર્ણય કર્યો છે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : મયુર સોલંકી)

આ નિર્ણય અનુસાર વારસાઈની નોંધ હેઠળના સંયુકત કબજેદારો પૈકીના કોઈ એક અથવા વધુ વારસો દ્વારા અન્ય એક કે વધુ વારસદારોની તરફેણમાં પ્રત્યેક હકક ઉઠાવવા/કમીના લેખ પર 300 રૂપિયા સ્ટેમ્પ ડયુટી લેવાશે. એક અથવા વધુ તબક્કે વારસાઈ નોંધ અન્વયે દાખલ થયેલ સંયુકત ખાતેદારો દ્વારા એક અથવા વધુ તબક્કે વહેંચણી કરવામાં આવે તો પ્રત્યેક વહેંચણીના લેખ પર પણ 300 રૂપિયા સ્ટેમ્પ ડયુટી લેવાશે. આ નિર્ણયથી ખેડૂતોને ખેતીની જમીનની વારસાઈ મિલકતના વેચાણમાં આર્થિક ભાર ઓછો થશે ઉપરાંત પરિવારના સભ્યો વચ્ચે મિલકતો વહેંચણીની સરળતા થતાં વિવાદ અને કોર્ટ કેસમાં પણ ઘટાડો થશે. મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ

# CM SCHOLARSHIP

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતેથી આજે 13 લાખ 96 હજારથી વધુ વિદ્યાર્થીઓના ખાતામાં નમો લક્ષ્મી-નમો સરસ્વતી જ્ઞાન સાધના યોજના અન્વયે 354 કરોડની શિષ્યવૃત્તિનું વિતરણ કર્યું. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું, આજે રાજ્યમાં દિકરીઓનો શાળા છોડવાનો દર એટલે કે ડ્રોપ આઉટ રેશિયો ઘટીને માત્ર બે ટકા પર પહોંચ્યો છે.

**(Byte: Bhupendra Patel, Chief Minister)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

DESK

# PANCHAYAT ROTATION

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા તાલુકા અને જિલ્લા પંચાયતના પ્રમુખ માટે અનામત બેઠકોનું રોટેશન જાહેર કરાયું છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર દેવભૂમિ દ્વારકા અને વાવ થરાદ જિલ્લા પંચાયત પ્રમુખની બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવામાં આવી છે. જ્યારે આણંદ, દાહોદ, ડાંગ, ખેડા, કચ્છ, મોરબી, નર્મદા, તાપી જિલ્લા પંચાયત પ્રમુખ માટે આદિજાતિ અનામત જાહેર કરાઇ છે. આ ઉપરાંત સાત જિલ્લા પંચાયતમાં અન્ય પછાત વર્ગ OBC પ્રમુખ બનશે. આ સિવાયની 17 જિલ્લા પંચાયતમાં પ્રમુખની બેઠક સામાન્ય રહેશે.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે મન કી બાત કાર્યક્રમની 132મી કડીમાં દેશવિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, PMO અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલ પર પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

નાગરિકો ટોલ ફ્રી નંબર 1800-11-7800 પર અથવા my gov પોર્ટલ આજે રાત્રે 12 વાગ્યા પહેલા પોતાનો મંતવ્યો અને સૂચનો મોકલી શકશે.

# MAHISAGAR POLICE PROJECTS GROUNDBREAKING CEREMONY

રાજ્ય કક્ષાના નાણાં, પોલીસ હાઉસીંગ, જેલ, સરહદી સુરક્ષા મંત્રી કમલેશ પટેલે મહીસાગર ના લુણાવાડા ખાતે પોલીસ હેડક્વાર્ટરના પરેડ ગ્રાઉન્ડ ખાતે ૨૦ કરોડ રૂ ના ખર્ચે નિર્માણ પામનાર વિવિધ પ્રોજેક્ટ્સનો ખાતમુહૂર્ત કર્યું.

આ પ્રસંગે મંત્રી કમલેશ પટેલે જણાવ્યું કે આગામી પાંચ વર્ષમાં ગુજરાત પોલીસ હાઉસિંગ બોર્ડ દ્વારા ૨૦,૦૦૦ થી વધુ આવાસોનું નિર્માણ કરવામાં આવશે, જેના માટે આ વર્ષના બજેટમાં જ ૧૭૫૧ કરોડ રૂ ની માતબર રકમ ફાળવવામાં આવી છે.તેમણે કહ્યું કે દ્વારા ડ્રગ્સ માફિયાઓ સામે 'ઝીરો ટોલરન્સ' નીતિ સાથે ગુજરાત પોલીસ એટીએસ અને મરીન પોલીસ ઉત્કૃષ્ટ કામગીરી કરી રહી છે.

# MINISTER OF STATE ISHWAR SINGH PATEL

પાણી પુરવઠા અને જળસંપત્તિ વિભાગના રાજ્યકક્ષા મંત્રી તથા ખાંડ ઉદ્યોગ સંઘના પ્રમુખ ઈશ્વરસિંહ પટેલના અધ્યક્ષતામાં ગુજરાત રાજ્ય સહકારી ખાંડ ઉદ્યોગ સંઘ લિ.ની બોર્ડ બેઠક તેમજ એવોર્ડ સમારોહ કાર્યક્રમ યોજાયો હતો. મંત્રીએ કામરેજ સુગર ફેક્ટરીના પ્રમુખ અશ્વિન પટેલને લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ એનાયત કર્યો હતો. તેમજ બેસ્ટ ટેકનિકલ ઇફિશિયન્સી એવોર્ડ અંતર્ગત પ્રથમ પુરસ્કાર ચલથાણ સુગર ફેક્ટરી, દ્વિતીય પુરસ્કાર ગણદેવી સુગર ફેક્ટરી અને તૃતીય પુરસ્કાર મહુવા સુગર ફેક્ટરીને આપવામાં આવ્યો હતો. ઉપરાંત 2024-25 ની સિઝન માટે 9 જેટલા ખેડૂત સભાસદોને બેસ્ટ સુગરકેન ફાર્મર એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ એકતાનગર ખાતે મંત્રી ઈશ્વરસિંહ પટેલે પોલીસ હાઉસિંગ બોર્ડના મકાનોનું લોકાર્પણ કર્યું .જે અંતર્ગત પોલીસ કર્મીચારીઓ માટે 19 કરોડથી વધુ ના ખર્ચે આવાસોનુ નિર્માણ અને કુલ 21 કરોડથી વધુ ના ખર્ચે મેલ, ફીમેલ અને ઓફીસર બેરેકનું નિર્માણ કરવામાં આવ્યું.

# LAND FRAUD

અમદાવાદ આર્થિક ગુના નિવારણ શાખાએ 41 કરોડ રૂપિયાના જમીન છેતરપિંડી મામલે ત્રણ આરોપીની ધરપકડ કરી છે, ત્રણેય આરોપીએ ફરિયાદી પાસથી જમીન ખરીદી અર્થે 68 કરોડ રૂપિયાની રકમ લીધા બાદ જમીનનો દસ્તાવેજ કરી આપ્યો ન હતો અને 41 કરોડ રૂપિયાની રકમ પરત આપી ન હતી. આ અંગે ACP મનોજ ચાવડાએ વધુ માહિતી આપી.

**(BYTE : MANOJ CHAVDA, ACP)**

# CHESS CHAMPIONSHIP

અમદાવાદમાં આવતીકાલથી બે રાષ્ટ્રીય કક્ષાની શતરંજ સ્પર્ધાનો પ્રારંભ થશે. નારણપુરા સ્થિત અત્યાધુનિક વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે યોજાઇ રહેલી આ સ્પર્ધામાં દેશભરમાંથી એક હજાર 935 ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. સ્પર્ધાના આયોજન અંગે સંયોજક ડૉ. મહેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે આવતીકાલે શનિવારે ‘ઓલ ઈન્ડિયા ઓપન ફિડે રેટેડ રેપિડ અંડર-18 ચેસ ટુર્નામેન્ટ’ યોજાશે. જ્યારે રવિવારે ‘ઓલ ઈન્ડિયા ઓપન ફિડે રેટેડ રેપિડ ચેસ ટુર્નામેન્ટ’નું આયોજન થશે. અંડર-18 કેટેગરીમાં 967 તથા ઓપન રેપિડ કેટેગરીમાં 968 ખેલાડીઓ ભાગ લેશે.

# Dang "Developed India Youth Parliament"

માય ભારત અને એનએસએસ દ્વારા રાજ્યકક્ષાએ “વિકસિત ભારત યુવા પાર્લામેન્ટ ૨૦૨૬” નું ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સમગ્ર રાજ્યના તમામ જિલ્લાના ૧૦૦ થી પણ વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ડાંગ જિલ્લાના પણ કુલ પાંચ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કૃષિ મહાવિદ્યાલય, વઘઇની વિદ્યાર્થીની નિકિતા સમગ્ર ગુજરાત રાજ્યમાં બીજા ક્રમે આવી હતી તથા તેણીને હવે રાષ્ટ્રકક્ષાએ યોજનાર વિકસિત ભારત યુવા પાર્લામેન્ટ ૨૦૨૬ કાર્યક્રમમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવાનો મોકો મળશે.

# A GUIDE TO SUMMER PEANUTS

ઉનાળુ મગફળીના પાકમાં સંકલિત રોગ-જીવાત નિયંત્રણ માટે લેવાના વિવિધ પગલાં વિશે ખેતી નિયામકની કચેરી દ્વારા વિસ્તૃત માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

જે મુજબ મોલો જેવા જીવાતોના નિયંત્રણમાં પરભક્ષી કીટકો દાળીયાની વસ્તી વધારે હોય તો રાસાયણિક દવાનો ઉપયોગ ટાળવો. મોલો-મશી માટે જરૂર જણાય ત્યારે શોષક પ્રકારની જંતુનાશક દવાઓ જેવી કે ઈમીડાકલોપ્રિડ અથવા થાયોમેથોક્ષામ પાણીમાં મિશ્રણ કરી છંટકાવ કરવો જોઇએ.

આ ઉપરાંત સફેદ ઘૈણના નિયંત્રણ માટે ઉભા પાકમાં ક્વીનાલફોસ અથવા કલોરપાયરીફોસ ૨૦ દવા પિયત સાથે આપવી જોઇએ